# મોડાસા પાસે રહીયોલની સીમમાં બાઈક ડીવાઈડર સાથે અથડાતા ચાલકનું મોત

મોડાસા,તા. ૨૪

અરવલ્લી જિલ્લામાં આજરોજ મોડાસા-ધનસુરા હાઈવે પર રહીયોલની સીમમાં બાઈક હાઈવે ડીવાઈડર સાથે ટકરાતા સર્જાયેલા અકસ્માતમાં બાઈક ચાલકનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે પાછળ બેઠેલ યુવાનના શરીરે ઈજાઓ થતા તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ધનસુરા પોલીસે બનાવ સંદર્ભે વધુ તપાસ હાથ ધરી છે.

મૂળ બિહારના પરંતુ, હાલ ધનસુરાના ખેડા પાટીયાની અંબિકા હોટલ ખાતે રહેતા મો. ઈર્શાદ મો. મુમતાજ સૈયદે નોંધાવેલ ફરિયાદ મુજબ આજે સવારે ૮ વાગ્યાના અરસામાં બાઈકચાલક મો. નીસાર મો. મુમતાજ સૈયદ (ઉં.વ.૧૪) પોતાની બાઈક લઈ રહીયોલની સીમમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે પોતાના કબજાની આ બાઈક પુરઝડપે અને બેદરકારી રીતે હંકારી બાઈકના સ્ટીયરીંગ ઉપરનો કાબુ ગુમાવી દેતા આ બાઈક ડીવાઈડરની લોખંડની એંગલ સાથે અથડાઈ ગઈ હતી. જેના કારણે સર્જાયેલા અકસ્માતમાં બાઈક ચાલકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેનું ઘટનાસ્થળે મોત નીપજ્યુ હતુ.

જ્યારે આ બાઈકની પાછળ બેઠેલ સાહેદ શાહરૂખ રસીદ મુસલમાનને શરીરે વત્તા ઓછી ઈજાઓ થતા તેને સારવાર માટે ખસેડીને ધનસુરા પોલીસ મથકના એ.એસ.આઈ. શીવાજી ખઆતુજીએ અકસ્માતના આ બનાવની વધુ તપાસ હાથ ધરી હતી.

# બીબીએ કોલેજના ૬૦ વિદ્યાર્થીઓ મેજર ઈન્ડસ્ટ્રીની ઔદ્યોગિક મુલાકાતે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર ની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ) ના પ્રથમ વર્ષ નાં ૬૦ વિદ્યાર્થીઓ એ અમદાવાદનાં ખરીદે છે અને સ્ટીલનાં વાસણો બનાવતી ખ્યાતનામ કંપની છે. સમગ્ર ભારતમાં તેઓનાં બેંગ્લોર સ્થિત વેચાણ યૂનિટ મારફતે તેને સ્ટીલનાં વાસણો નું વેચાણ થાય છે તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ કંપનીનાં ઉત્પાદનોનું અનેક દરેક ફંકશનથી માહિતગાર હોવા જોઈએ તેમજ ગ્રાહક સાથે સીધો પરિચય કેળાવવો જોઈએ વિદ્યાર્થીઓએ પ્રોસેસથી લઈ કાચા માલની ખરીદી તેમજ વેચાણ ને લઈ ને પ્રશ્નો કર્યા હતા.



ઔદ્યોગિક વિસ્તાર ઓઢવ માં આવેલી પ્રતિષ્ઠિત મેજર ઈન્ડસ્ટ્રીની મુલાકાત લીધી હતી.

મેજર ઈન્ડસ્ટ્રી કંપનીની સ્થાપના જુલાઈ ૨૦૧૦માં અમદાવાદ ખાતે કરવામાં આવી હતી. તે પહેલા તેઓ ૧૯૯૯ થી ખટાના બ્રાન્ડ હેઠળ સ્ટીલ નાં વાસણો નું વેચાણ કરતા હતા ત્યારથી અત્યાર સુધીમાં કંપનીએ અનેક સફળતા નાં સોપાન સર કર્યા છે. કંપની તેનો કાચો માલ ખ્યાતનામ કંપની જિંદાલ સ્ટીલ પાસેથી દેશોમાં વેચાણ થાય છે. કંપની ઉત્પાદનમાં ગુણવત્તા બાબતે પણ વિશેષ ધ્યાન આપે છે. કંપનીનાં ઓનર મોઢ્જીભાઈ ખટાના દ્વારા વિદ્યાર્થીઓને કંપની બાબતો નાં પ્રશ્નોનાં વિસ્તારપૂર્વક જવાબ આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ એ પ્રોસેસથી લઈ કાચા માલની ખરીદી તેમજ વેચાણને લઈને પ્રશ્નો કર્યા હતા. તેના તેઓને સંતોષજનક જવાબ મળ્યા હતા. તેઓ એ જણાવ્યું હતું કે એક સફળ ઉદ્યોગપતિએ પોતે કંપનીનાં

કોલેજનાં વિદ્યાર્થીઓ દર વર્ષે મેગ્નેટ નામે મેનેજમેન્ટ પ્રદર્શનનું આયોજન કરે છે. જેમાં પણ આ ઔધોગિક મુલાકાત નો અનુભવ વિવિધ મોડેલ્સની રચના તેમજ મેનેજમેન્ટનાં સિદ્ધાંતોનાં અમલીકરણ માટે યોગ્ય ઉપયોગ કરશે. સમગ્ર મુલાકાતનું સફળતાપૂર્વક આયોજન કોલેજનાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીનાં હેડ ડો. જયેશ તન્ના તેમજ પ્રો.આશિષ ભુવા દ્વારા સંપન્ન કરવામાં આવ્યું હતું.



ગાંધીનગર ટાઉનહોલ ખાતે 'સ્વરગુંજન' સંસ્થા દ્વારા હિન્દી સિનેમા જગતના એવરગ્રીન અભિનેતા દેવાનંદના સદાબહાર ગીતોનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જ સંગીતસભર કાર્યક્રમમાં જુનિયર દેવાનંદે અભિનેતા દેવાનંદની અનોખી સ્ટાઈલમાં નૃત્ય કરી હાજર પ્રેક્ષકોની દાદ મેળવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં જ કાશ્મીરમાં શહિદ થયેલા વીર જવાનોના માનમાં ૨ મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. તેમજ નગરના ખૂબ જ જાણીતા કલાકાર પીટર વેસ્લીના દુઃખદ અવસાનને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ગાંધીનગરના જ ગાયકો દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુડાના ચેરમેન આશિષ દવે, ધારાસભ્ય અશોક પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, જાણીતા બિલ્ડર જગત કારાણી ઉપસ્થિત રહ્યા હતા.

# સે-૨૨ સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા ઉલ્લાસભેર પર્યુષણ પર્વની ઉજવણી

ગાંધીનગર, તા.૨૪

સેકટર-૨૨ શ્રી સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા આઠેય દિવસ પર્વાધિરાજ પર્યુષણ પર્વની શાનદાર ઉજવણી લીંબડી ગોપાલ સંપ્રદાયના પ.પૂ. લબ્ધીબાઈ મહાસતીજી તથા બા.બ્ર.પ.પૂ. પૂનમબાઈ મહસતીજીના મંગલ સાંનિધ્યમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ દ્વારા ઉત્તમ રીતે થઈ હતી. આઠેય દિવસ સવારે ભકતામર પ્રાર્થના, વ્યાખ્યાન, અનુપૂર્વીના જાપ-બપોરે ધાર્મિક કાર્યક્રમ તથા સાંજે પ્રતિક્રમણની આરાધના કરાવવામાં આવી હતી. આઠ દિવસમાં ૭૫થી વધુ પ્રભાવના થઈ હતી. અઠ્ઠમ, અઠ્ઠાઈ અને તેથી વધુ ઉપવાસ કરનારની સંખ્યા પણ સારી હતી અને તમામ મોટા તપસ્વીઓનું બહુમાન રૂ. ૮૦૦ તથા ચાંદીના ૧૦ ગ્રામ સિક્કાથી કરવામાં આવ્યું હતું. સંઘની લાડવા ફુલવડીની શેષ સંઘના તમામ સભ્યોને દર વર્ષે સ્વ. જયસુખભાઈ ઝાટકીયા તથા અનંતરાય ઝાટકીયાના સૌજન્યથી વહેંચવામાં આવે છે. સંઘનું પ્રથમ સ્વામી વાત્સલ્ય બાબુલાલ પ્રકાશચંદ્ર મહેન્દ્રકુમાર સોઠિયા તરફથી તા. ૧૧ સપ્ટેમ્બરના રોજ યોજાયું હતું. સંઘનું બીજું સ્વામી વાત્સલ્ય દમયંતિબેન જયસુખલાલ ઝાટકીયાના સૌજન્યથી તા. ૨-૧૦-૨૦૧૬ના રોજ યોજાશે તેમ જૈન સંઘના મહામંત્રી આર.ડી. ગાંધીએ જણાવ્યું છે.

# આહીર યુવા ફોરમ ગાંધીનગર દ્વારા સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૪

આહીર યુવા ફોરમ ગાંધીનગર દ્વારા ૧૮મો સરસ્વતી સન્માન સમારોહ શહેરના ટાઉનહોલ ખાતે યોજાયો હતો. જેમાં સમાજના ધોરણ-૧ થી ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રથમ, દ્વિતીય અને તૃતિયક્રમે આવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપી સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે શહેરમાં વસતા આહીર સમાજના પરિવારના સભ્યો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

આહીર ફોરમ ગાંધીનગર દ્વારા છેલ્લા ૧૮ વર્ષથી સમાજના બાળકોને સરસ્વતી સન્માન સમારોહ અંતર્ગત સન્માનવામાં આવે છે. પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે આયોજીત સરસ્વતી સન્માન સમારંભમાં સમાજના ધો-૧ થી ઉચ્ચ અભ્યાસક્રમ સુધીના કુલ ૩૮ તેજસ્વી તારલાઓનું તેમજ બઢતી પામેલ અંદાજે ૫ થી વધુ અધિકારીઓનું સન્માન સમાજના અગ્રણી રામભાઈ ડોડીયા, પૂર્વ મંત્રી મુળુભાઈ બેરા, ગૃહ વિભાગના અધિકારી દવોયત ભાઈ ભ્રંમર તેમજ અન્ય આંમત્રિત મહેમાનોના હસ્તે કરવામાં આવ્યું હતું. જયારે તેજસ્વી તારલાઓને આહીર યુવા ફોરમ દ્વારા ઈનામ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મહેમાનોનું પુષ્પગુંચ્છ દ્વારા આહીર ફોરમના સભ્યોએ સ્વાગત કર્યું હતું. જયારે બાળકોએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરતા સૌ કોઈએ તાળીઓના ગળગળાટથી બાળકોને વધાવી લીધા હતા. જેમાં વિવિધ ગીતો પર સુંદર ડાન્સ બાળકોએ રજુ કર્યો હતો. આ પ્રસંગે મહેમાનોએ સમાજના ભાઈ બહેનોને પ્રાસંગિક ઉદ્બોધન કયું હતું.




## પ્રાંતિજ હાઈવે બસ સ્ટેન્ડ પર ખાનગી વાહનોનો અડ્ડો

પ્રાંતિજ શહેરના હાઈવે ત્રણ રસ્તા ઉપર રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી બનાવવામાં આવેલ એસ.ટી. સ્ટેન્ડ ઉપર મોટર સાયકલો મુકીને લોકો નોકરીએ કે ધંધા અર્થે બહારગામ જતા હોવાથી આખો દિવસ બસસ્ટેન્ડનો આગળનો ભાગ મોટર સાયકલોથી ભરેલો લાગે છે. આ અંગે પ્રાંતિજના અગ્રણીએ જણાવ્યું હતું કે ઘણા સમયથી હાઈવે ઉપર બનાવેલ એસ.ટી. સ્ટેન્ડ બીન ઉપયોગી રહેતા લોકોએ તેને વાહન મુકવાનુ સ્ટેન્ડ બનાવી દીધુ છે. બસ સ્ટેન્ડ ઉપર બસો ઉભી રહેતી ન હોવાથી બસ સ્ટેન્ડ શોભાના ગાંઠીયા સમાન બની જવા પામ્યુ છે. શહેરની જનતાએ માંગ કરી છે કે તમામ બસો હાઈવે સ્થિત બસ સ્ટેન્ડે ઉભી રહી પસાર થાય તો લોકો બસ સ્ટેન્ડનો ઉપયોગ કરી શકે.

# આજે પંડિત દિનદયાળ ઉપાધ્યાય જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રવચનનું જીવંત પ્રસારણ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા આજે રોજ તા. ૨૫/૯/૨૦૧૬ જનસંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીની જન્મ શતાબ્દિ નિમિત્તે ભાજપા દ્વારા "જન્મ શતાબ્દિ વર્ષ" ઉજવવામાં આવી રહ્યું છે.

ગાંધીનગર મહાનગર ભાજપાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ (દાસ) દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યુ છે કે આ પ્રસંગે ગાંધીનગર શહેરમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. સૌ પ્રથમ પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીને પુષ્પાંજલી અર્પણ કરવામા આવશે. ત્યારબાદ બપોરે ૨:૩૦ થી ૫:૦૦ કલાક સુધી વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આપવામા આવનાર પ્રવચનનુ જીવંત પ્રસારણ ગાંધીનગરના દરેક વોર્ડમાં ટેલીવેઝન દ્વારા નીહારવામાં આવશે. આ પ્રસંગે નમો એપ ડાઉનલોડ કરવાનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે.



ઉરીમાં શહિદ થયેલા ૧૮ જવાનોને શ્રદ્ધાંજલિ આપવા મેઘરજના સીસોદરા(મે) ગામે ગત શુક્રવારના રોજ શહિદ જવાનોની સંયુક્ત તસવીર મુકી દિપ અને મીણબત્તી પ્રગટાવી, પુષ્પ અર્પણ કરી ગામના યુવાનો વૃદ્ધો અને બાળકોએ બે મિનિટનું મૌન પાળ્યું હતું. જેમાં દૂધ મંડળીના સેક્રેટરી જયંતિભાઈ વાળંદ, ડે. સરપંચ સાહિદખાન અને ગામના અન્ય અગ્રણીઓએ હાજરી આપી શહિદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## પાણી પુરવઠો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરના જુના સેકટરો તેમજ નવા સેકટરોમાં પાણી પુરવઠો બંધ રહેશે તેવી જાહેરાત પણ તંત્ર દ્વારા કરવામાં આવી હતી જેથી આજે પાણીનો સપ્લાય નહીં આવે તે માટે સેકટરવાસીઓએ આગોતરૂ આયોજન કરી લીધુ હતુ. પરંતુ તંત્ર દ્વારા શહેરના નવા સે ૧થી ૧૩ માં પાણીનો સપ્લાય આપવામાં આવતા સેકટરવાસીઓની હાલાકીનો અંત આવ્યો હતો. જો કે જુના સેકટરામાં પાણી આવ્યુ ન હતુ. સુત્રોના જણાંવ્યા મુજબ શહેરમાં પાણી સપ્લાય કરતી વ્યવસ્થાને અનુલક્ષી ચરેડી તેમજ સરીતા ઉધાનના વોટર વર્કસમાં સફાઈ તેમજ લીકેજીસ ડામવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જેથી આવતીકાલથી સેકટરોમાં રાબેતા મુજબ પાણીનો સપ્લાય આપવામાં આવશે. વધુમાં સે -૫ બી માં પાણીની સમસ્યાને હલ કરવા પણ તંત્ર દ્વારા અભ્યાસ હાથ ધરાયો છે. સેકટરવાસીઓની ફરિયાદને ડામવા માટે ટુંકમાં જ યોગ્ય પગલા લેવાશે.

## લૂટેરી દુલ્હન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતુ કે આ અપરિણીત યુવતી છે અને દાદીના સહારે છે. લગ્ન કરવા મુંબઈથી આવી છે. પરંતુ મામાનો દિકરો જ મામા બનાવી રહ્યો હતુ. હકિકતે તે આ ગેંગનો જ એક દલાલ છે. રુ.૧.૪૦ લાખ કહ્યા બાદ છેલ્લે રુ.૮૩ હજારમાં લગ્ન નક્કી કર્યા અને આ રુપિયા યુવતીની દાદીને આપવાનુ કહીને વસઈ રહેતા મામાના દિકરા સુરેશે લઈ લીધા હતા. લગ્નનાં ૧૦ દિવસમાં પાછી મુંબઈ લાવી દઈશુ તેમ કહીને દલાલોએ મુંબઈની યુવતી રોશનીને પ્રથમ વાર આ કામ માટે મોકલી હતી. રોશની લગ્ન કર્યા બાદ રાહુલના ઘરે ગઈ અને ઘરનુ વાતાવરણ જોઈને ભાવુક થઈ ગઈ...મનોમન ગુંગળાતી રોશનીએ ત્રણ દિવસ થયાને ભાગી જવાનો પ્લાન રદ કરી દિધો અને રાહુલને બધુ જ સાચેસાચ કહી દિધુ... મારા લગ્ન થયેલા છે, પતિનુ મૃત્યુ થતા હાલ વિધવા છુ, મારે ૧૪ વર્ષનો દિકરો છે. મુંબઈની પુજા પાટીલ લુંટેરી દુલ્હનનુ રેકેટ ચલાવે છે... સુરતનો દલાલ 'નાના' મુંબઈથી ગુજરાતમાં યુવતીઓ લાવે છે. ગાંધીનગર આસપાસ માટે માણસાના ગુંદ વિસ્તારનો દલાલ પ્રકાશ અને વસઈ ડાભલા વિસ્તારનો દલાલ સુરેશ (ભોગ બનનારના મામાનો દિકરો)છે. રિદ્રોલ, વસઈ સહિત કેટલાય ગામોમાં આ ગેંગે કળા કરી છે. બધુ જ રોશનીએ કહી દિધુ અને પોતાના સાચા નામનાં ડોક્યુમેન્ટ્સ મુંબઈથી મંગાવીને રાહુલને આપી પોતાને જીવનસાથી તરિકે સ્વિકારવા પ્રસ્તાવ મુક્યો છે. રોશની આખુ રેકેટ બહાર લાવવાની તૈયારી દર્શાવે છે. રાહુલે તેને અપનાવી લીધી છે અને હવે તે પણ આ રેકેટ બહાર લાવવા પ્રયત્ન કરી રહ્યો છે.

## સપ્તાહ ઉજવાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચિત્ર, નિબંધ અને વકતૃત્વ સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે.૨જી ઓક્ટો.ના રોજ ગ્રિનીસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડમાં નામ માટેની ભાગીદારીના ભાગરૂપે ૧ લાખ ૩૦ હજાર બાળકો આ અંગેની મેગા ઈવેન્ટ ૬૦ મિનિટ છે તેમાં જોડાશે.

૨૦૧૨ના બેઝ લાઈન સર્વે પ્રમાણે જિલ્લામાં હજુ ૩૫ હજારથી વધુ શૌચાલયો બનાવવાના બાકી છે. તંત્રએ હવે આ દિશામાં તેનું સંપૂર્ણ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે અને આ કામગીરી મિશન મોડ પર હાથ ધરી છે. દહેગામમાં આ અંગે લાઈવ વર્કશોપ ચાલી રહેલ છે. આવા વર્કશોપ અગાઉ માણસા અને કલોલમાં યોજાઈ ચુક્યા છે. જે ઉલ્લેખનીય છે. જિલ્લામાં આજથી આરંભાઈ રહેલ સ્વચ્છતા અભિયાનમાં સરકારી એન્જીનીયરીંગ કોલેજ, પોલીટેકનીક કોલેજ ઉપરાંત એક ખાનગી કોલેજના ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાશે. આજે અભિયાનના આરંભે વિવિધ ગામોમાં ખાતવિધિના પણ કાર્યક્રમો યોજવામાં આવ્યા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## પલ્લીનો મેળો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘીની પહોંચ આપવાની પણ વ્યવસ્થા કરવામાં આવનાર હોવાનુ જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે કોઈ અકસ્માત ના બને તે માટે ત્રણ સ્થાનોએ ફાયર બ્રિગેડની ટીમના ચુનંદા અધિકારીઓને ખાસ વ્યવસ્થા સાથે તૈનાત કરવામાં આવશે. જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા પણ ૨૪X૭ ઓપીડી સાથે પ્રા.આ. કેન્દ્ર ચાલુ રખાશે તેમજ ત્રણથી વધુ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ ત્યાં તૈનાત કરાશે. પાર્કિંગ માટે પણ અલાયદી વ્યવસ્થા ઉપરાંત એસ.ટી. દ્વારા ખાસ બસો દોડાવવામાં આવશે.

## પાકિસ્તાનને પડકાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

હિન્દુસ્તાન આ વાત ક્યારેય ભૂલશે નહીં. અમે ક્યારેય માફ નહીં કરીએ. મોદીએ સભામાં પાકિસ્તાનને ગરીબી દુર કરવા પણ પડકાર ફેંક્યો હતો. પીએમ મોદીએ પાકિસ્તાની લોકોને અપીલ કરતા કહ્યું કે, તમે તમારા શાસકોને પુછો કે, બંને દેશો એક સાથે આઝાદ થયા પરંતુ ભારત આજે વિશ્વમાં સોફ્ટવેર એક્સપોર્ટ કરે છે. જ્યારે પાકિસ્તાન આતંકવાદીઓ એક્સપોર્ટ કરે છે. પાડોશી દેશના નેતા કહેતા, હજાર વર્ષ સુધી લડશું, તેઓ ક્યાં ખોવાય ગયા આજના પાડોશી દેશના નેતાઓ આતંકવાદીઓના સરદારોના લખેલા ભાષણો બોલે છે. હું પાકિસ્તાનની જનતાને યાદ અપાવશી કે, ૧૯૪૭ના ભાગલા પહેલા પૂર્વજો પણ આ જ ભારતની માટીને પોતાના દેશની માટી ગણતા હતા.

## મોદીની ચર્ચા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સેના દ્વારા ભવિષ્યમાં ઉઠાવવામાં આવનાર વિકલ્પો ઉપર પણ ચર્ચા થઈ હતી. આ વાતચીતમાં ઉરી બાદ ઉભી થયેલી સ્થિતિ ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા થઈ હતી. સુરક્ષા સ્થિતિ ઉપર વિશેષ ચર્ચા થઈ હતી. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર દોવાલ પણ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

મોડેથી વડાપ્રધાન કોઝીકોડેમાં ભાજપના કાર્યક્રમમાં ભાગ લેવા પહોંચ્યા હતા. ઉરીમાં આતંકવાદી હુમલો થયા બાદ તરત જ વડાપ્રધાને કઠોર શબ્દોમાં કહ્યું હતું કે, હુમલાખોરોને કોઈ કિંમતે છોડવામાં આવશે નહીં. ત્યારબાદ સંરક્ષણમંત્રી મનોહર પારીકરે પણ કહ્યું હતું, ઉરી આતંકવાદી હુમલા પાછળના લોકોને છોડવામાં આવશે નહીં તેવા વડાપ્રધાનના વચન માત્ર શબ્દો નથી. ઉરીમાં હુમલા બાદથી ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો ફરી એકવાર વણસી ગયા છે.

## કોઈ અર્થન નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

વચ્ચે ક્રિકેટ મેચો યોજવાની બાબત બિલકુલ યોગ્ય નથી. ભારત અને પાકિસ્તાન એક બીજા સામે મેચો રમે તેમ અમે ઈચ્છીએ છીએ પરંતુ જ્યાં સુધી તંગદિલીપૂર્ણ સંબંધ રહેશે ત્યાં સુધી મેચ રમી શકાય નહીં. અનુરાગ દ્વારા આપવામાં આવેલા નિવેદનને ટેકો આપતા દાદાએ કહ્યું હતું કે, અમે અનુરાગની ટિપ્પણી જોઈ છે. આતંકવાદી હુમલાના દોર વચ્ચે કઈરીતે મેચો રમાઈ શકાય છે. બે વખતના સાંસદ ચેતન ચૌહાણે પણ પાકિસ્તાન સામે નારાજગી વ્યક્ત કરી છે કે માત્ર ક્રિકેટ જ શા માટે પાકિસ્તાન સાથેના તમામ સંબંધો તોડી નાંખવા જોઈએ. આતંકવાદને રોકવાની દિશામાં પહેલ થવી જોઈએ. ચેતને આક્રમક નિવેદન કર્યું છે. ક્રિકેટ બંને દેશોમાં ખુબ જ ફેવરિટ રમત છે પરંતુ રાજદ્વારી સંબંધો પણ મહત્વપૂર્ણ છે.

# પ્રવાસી શિક્ષકોને માનદ્ વેતન નહી ચુકવાય તો યુવક કોંગ્રેસ દ્વારા કાર્યક્રમો અપાશે

ગાંધીનગર, તા. ૨૪

રાજ્ય સરકાર જો પ્રવાસી શિક્ષકોને માનદ વેતન નહી ચૂકવે તો આગામી દિવસોમાં કાર્યક્રમો આપવાની ચીમકી પ્રદેશ યુવક કોંગ્રેસ દ્વારા આપવામાં આવી છે.

ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે રાજ્યમાં લાંબા સમયથી શિક્ષકો વિના શાળાઓ ચાલી રહી છે. પૂર્ણ સમયના શિક્ષકોની નિમણુંક ન કરીને ગુજરાતના શિક્ષણને ભારે નુકશાન થઈ રહ્યું છે. શિક્ષણનું સ્તર કથળી ગયું છે. ફિક્સ પગારના નામે આર્થિક શોષણ કરનાર ભાજપ સરકારે પ્રવાસી શિક્ષકના નામે નવુ શોષણનું મોડલ આપ્યું છે.

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ૨૧-૧૨-૨૦૧૫ના ઠરાવને આધીન માનદ વેતન મહેતાણુ ચુકવી પ્રવાસી શિક્ષકોની નિમણુંક રાજ્યની વિવિધ પ્રાથમીક શાળાઓમાં કરવાની જાહેરાત કરી છે. સમગ્ર ગુજરાતના જિલ્લા શિક્ષણધિકારીઓ અને સ્કૂલ બોર્ડના શાસનાધિકારીઓ દ્વારા મોટાપાયે ખાલી રહેલ ગણિત વિજ્ઞાનના શિક્ષકોની ખોટ પુરવા થોડાક પ્રવાસી શિક્ષકોની ભરતી કરવાનો દેખાવ કરવામાં આવી રહ્યો છે.

જેના અનુસંધાને અમદાવાદ મ્યુ. સ્કૂલ બોર્ડ દ્વારા ૩૦૦ જેટલા પ્રવાસી શિક્ષકોની નિમણુંક થયાના ૩ માસ પછી પણ આ ૩૦૦થીવધારે પ્રવાસી શિક્ષકને માનદ વેતન ચૂકવવામાં આવ્યું નથી. સામાન્ય પરિવારમાંથી આવતા શિક્ષક યુવક યુવતીઓનું પ્રવાસી શિક્ષકના નામે ગુજરાત સરકાર દ્વારા શોષણ કરવામાં આવી રહ્યું છે.

ગુજરાત સરકાર તાત્કાલિક પ્રવાસી શિક્ષકોનો ૩ માસનો પગાર ચુકવે ભવિષ્યમાં તેમને સમયસર પગાર મળે તેવી વ્યવસ્થા કરવા ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના મંત્રીએ નિયામક પ્રાથમિક શિક્ષણ મંત્રી અને શાસના અધિકારી અમદાવાદ મ્યુ. સ્કૂલ બોર્ડને ઉગ્ર રજુઆત કરી છે.



## શામળાજી રતનપુર ચેકપોસ્ટ પરથી લાખ્ખો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપવાનો યથાવત

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર આવેલી રતનપુર ચેકપોસ્ટ નજીકથી દસ દિવસથી સતત વિદેશી દારૂ ઝડપવાની સક્રિય કામગીરીથી બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. નવરાત્રી અને દિવાળીના ત્યૌહારમાં વિદેશી દારૂ ગુજરાતમાં ઘુસાડી તગડો નફો કમાઈ લેતા બુટલેગરો જિલ્લા એલસીબી પોલીસ અને શામળાજી પોલીસ તંત્ર દ્વારા સતત હાઈવે પર પેટ્રોલીંગ અને રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરી દરરોજ વિદેશી દારૂની હેરાફેરી કરતા ટ્રક, કન્ટેનર, જીપડાલા તેમજ લકઝુરીયસ કારો ઝડપી પાડી બુટલેગરોનો મનસૂબો પર ઠંડુ પાણી ફેરવી દેતા બુટલેગરોમાં દહેશત ફેલાઈ છે.